# એક-બે દિવસ "પતંગોત્સવ" એન્જોય કરો પછી તો આખી જીંદગી "ગૂંચોત્સવ" છે..!!

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં ઉત્તરાયણની ઉજવણી ખૂબ ઉત્સાહ અને ઉમંગથી કરવામાં આવે છે અને શહેરના પતંગરસિયાઓ આ માટે જોર-શોરથી તૈયારીઓ પણ કરે છે. શહેરમાં ઉત્તરાયણનો માહોલ ભરપૂર જામી ચુક્યો છે અને પતંગોત્સવની તૈયારીઓ સાથે શહેરીજનોએ સોશ્યલ મિડીયા પર પણ અવનવાં ટૂચકાં-જોક્સ, ચબરાકિયાં ફરતા કરીને મકરસંક્રાંતિના તહેવારને વધુ મજેદાર બનાવી દીધો છે. આવો માણીએ તે પૈકીના કેટલાક ચટાકેદાર ઉંધિયા જેવા રમુજી મેસેજ જે ઉત્તરાયણના છેલ્લાં દિવસોમાં ખૂબ વાઈરલ થવા પામ્યાં છે.

- આજે પડોસણે મને કીધું કે "આ વખતે તમારી ફિરકી હું પકડીશ"... મેં કીધું ફિરકી તો તમે પકડશો એનો વાંધો નથી પરંતુ એ પછી જે ગૂંચ પડશે તેને કોણ ઉકેલશે ?"
- આપનુ આધાર કાર્ડ જો ધાબા સાથે કનેક્ટ નહીં કર્યુ હોય તો આપના ધાબા પર પવન નહીં આવે...
  
  - હુકમથી, ભારત સરકાર
- આ વર્ષે બારેમાસ મોટાભાગના તહેવારોમાં મેં મારી હાજરી આપી છે, અને હવે ઉતરાણમાં પણ આવવાની મારી ઈચ્છા છે... જો ઉતરાણને ખોટું ના લાગે તો... - લિ. વરસાદ
- મોટાભાગના પતિઓ પતંગ જેવા જ હોય છે, થોડી 'ઢીલ' આપો એટલે બીજાના ધાબે પહોંચી જાય...
- મફતમાં મકરસંક્રાંતિ ઓફર..!!! તમારી પત્નિનો ફોટો પતંગ પર લગાવો અને... કલાકો સુધી તેને તમારી આંગળીના ઈશારે નચાવી અદ્‌ભૂત આનંદની અનુભૂતિ મેળવો... આ ઓફર મકરસંક્રાંતિ સુધી જ સિમિત છે.
- પતંગ અને પુરૂષ બેઉ રંગીલા હોય, બેઉને કન્યા બરાબર બાંધવી પડે, જો કન્યા બરાબર ના હોય તો ગમે ત્યાં ગોથા મારી આવે..!!
- જોઈએ છે : સાસુ કમાતા આધેડ વયના નિઃસંતાન ડાયવોર્સીને ફિરકી પકડનાર જોઈએ છે... જ્ઞાતિબાધ નથી.
- એક-બે દિવસ પતંગોત્સવ એન્જોય કરી લો, બાકી આખી જીંદગી "ગૂંચોત્સવ" તો છે જ..!!
- ઉત્તરાયણ નિમિત્તે દરેક મિત્રોને જણાવવાનુંકે કોઈએ પણ ચીકી, તલના કે મમરાના લાડુ, શેરડી વગેરે મોબાઈલમાં મોકલવાં નહી, બહુ કીડીઓ આવી જાય છે... બહુ મન થતું હોય તો રૂબરૂ આવીને આપી જવા...

## પક્ષી માટે હેલ્પલાઈન નંબર્સ

- કરૂણા અભિયાન એમ્બ્યુલન્સ હેલ્પલાઈન નં. ૧૯૬૨
- ગાંધીનગર શહેર કન્ટ્રોલ રૂમ, સે. ૧૭: ફોન નં. ૨૩૨-૨૧૨૬૦, ૨૩૨-૩૯૮૭૨, મો. નં. ૭૫૭૨૯૯૧૨૮૬
- વનચેતના કેન્દ્ર, સે. ૩૦ - ફોન નં. ૨૩૨-૬૦૬૩૨, મો. નં. ૯૭૨૬૯૫૦૭૫૮
- પરિક્ષેત્ર વન અધિકારી કચેરી, ચ-૦ સર્કલ : ફોન નં. ૨૩૨-૪૬૯૨૨ મોબાઈલ નંબર - ૬૩૫૩૫૯૮૦૮૫
- રેન્જ ફોરેસ્ટ ઓફિસ, બોરિજ : ફોન નં. ૨૩૨-૬૦૬૩૨ મોબાઈલ નંબર - ૯૭૨૬૯૫૦૭૫૮
- વેટરનરી ડૉક્ટર - ૯૪૨૮૦૬૨૧૬૧
- વનશ્રી ટ્રસ્ટ - ૯૯૯૮૮૧૦૭૧૯
- ફાયરબ્રિગેડ - ૯૪૨૭૯૫૫૫૫૧
- પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ - ૭૦૯૬૬૫૯૫૯૯, ૯૫૫૮૮૨૭૫૦૦




પતંગ એટલે બાળકો માટે ઉમંગ અને ઉત્સવ સાથે આનંદનું પ્રતિક. શહેરના અગ્રણી મહિલા કોર્પોરેટર હર્ષાબા ધાંધલ દ્વારા આંગણવાડીના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ઉત્તરાયણના આગળના દિવસે પતંગ વિતરણ કરવામાં આવતા બાળકો આનંદથી ગેલમાં આવી ગયા હતાં.

# સંસ્કૃતિ સંસ્થા દ્વારા ગુરુવારે હિન્દી યુગલ ગીતોનો કાર્યક્રમ

## રફી, મુકેશ, કિશોર દ્વારા ગવાયેલાં ફિલ્મી ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની કલા સંસ્થા સંસ્કૃતિ દ્વારા આ વર્ષના ચોથા કાર્યક્રમ તરીકે મહંમદ રફી, મુકેશ અને કિશોરકુમારના કંઠે ગવાયેલાં હિન્દી ફિલ્મનાં યુગલ ગીતોનો કાર્યક્રમ 'ત્રિવેણી સ્વરમાધુરી' પ્રસ્તુત કરવામાં આવી રહ્યો છે.

તા. ૧૬મી જાન્યુઆરી ને ગુરુવારના રોજ રાત્રે ૯.૧૫ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો આનંદ માણવા માટે પધારવા સંસ્થાના સૌ સભ્યોને પ્રમુખ રમેશભાઈ પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ખૂણેખાંચરેથી

- ઉત્તરાયણના પર્વને ધ્યાને રાખી અને વાસી ઉત્તરાયણની રજા પણ સ્થાનિક તહેવારની રજા તરીકે ઓળખાવી શાળાઓમાં સળંગ બે દિવસની રજા આપવાનો નિર્ણય લેવાયો છે.
- ઉત્તરાયણને લઈ આજે કર્મચારીઓ ઓફિસમાંથી વહેલા ઘેર જવા રવાના થયા હતા. બપોર પછી મોટાભાગની ઓફિસો ખાલી જણાતી હતી.
- જાણીતા ઉદ્યોગપતિ રતન ટાટા અને ટાટા ગૃપના ચેરમેન ચંદ્રશેખરન્ બુધવારે ગાંધીનગરના અતિથિ બનશે. આ બન્ને મહાનુભાવો એક સાથે ગાંધીનગર આવી રહ્યાની ઘટના પહેલીવાર બની રહી છે.
- ૧૫ મીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ પુનઃ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આવી રહ્યા હોવાથી તંત્રએ આજે તે અંગે રિહર્ષલ કરી તૈયારીઓને આખરી ઓપ આપ્યો હતો.
- ૧૫મીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ઉપરાંત બે કેન્દ્રીય મંત્રીઓ તેમજ સ્કીલ ડેવલમેન્ટ નિગમના રાષ્ટ્રીય અધ્યક્ષ નાઈક પણ ગાંધીનગર આવી રહ્યા છે.

# લવારપુર ગામના તળાવમાં પ્રદૂષણથી કાચબા મરી ગયાં

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકામાં આવેલું લવારપુર તળાવ પક્ષીપ્રેમીઓ માટેનુ એક લોકપ્રિય સ્થળ છે. શિયાળામાં વિવિધ પ્રકારના પક્ષીઓ આ તળાવમાં જોવા મળે છે.

આજ રોજ સવારે પક્ષી દર્શનમાટે લવારપુર તળાવની મુલાકાતે પક્ષીપ્રેમીઓ ગયા હતા,જયાં પક્ષીઓ તો જોવા મળ્યા પરંતુ એક દુઃખની વાત એ જોવા મળી કે તળાવમાં અમુક મરેલા કાચબા જોવા મળ્યા હતાં. મૃત



કાચબાઓની નજીક જતાં આ કાચબાઓનુ મૃત્યુ તળાવમાંનો પ્લાસ્ટિક કચરો કે અન્ય ઝેરી પદાર્થ ગળવાથી થયું હોય તેવું માલુમ પડ્યુ હતું જે એક ગંભીર ચિંતા અને તપાસનો વિષય છે. પ્રકૃતિ પ્રેમી અને બન્ને પ્રેમીઓમાં આ ઘટનાને અનુલક્ષીને ચર્ચાનો દોર ચાલ્યો છે કે કાચબાઓના મૃત્યુની ઘટનાને વન વિભાગની બેકાળજી ગણવી કે ગામવાસીઓની અજ્ઞાનતા કે જેઓ માં જાગૃતતાનો અભાવ હોવાથી પ્લાસ્ટિક જેવો કચરો આ તળાવમાં ફેંકવામાં આવી રહ્યો છે. આ તળાવ સ્વચ્છ રાખવું તે ગ્રામજનો અને પંચાયતની જવાબદારી કહેવાય. પર્યાવરણ પ્રેમીઓ આ વિષે વન વિભાગ અને ગ્રામ પંચાયત દ્વારા તપાસ કરી નક્કર પગલાં ભરવામાં આવે તેવું ઈચ્છી રહ્યા છે.

# પરેશ પટેલ કૃભકોમાં ડિરેક્ટર તરીકે બિનહરિફ ચુંટાઈ આવ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર અને ગુજરાતના યુવા સહકારી અગ્રણી પરેશ પટેલ કૃષક ભારતી કો.ઓ.લી. ન્યુ દિલ્હીના ડિરેક્ટર તરીકે બિનહરિફ વિજેતા થઈ ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે.



સૌથી મોટી રાષ્ટ્રીય અનો આંતારરાષ્ટ્રીય સહકારી સંસ્થા કૃભકોના ૯ ડીરેક્ટરોની યોજાયેલ ચૂંટણીમાં બિનહરીફ ડીરેક્ટર તરીકે ચૂંટાઈ આવી પરેશ પટેલે ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે.

કૃભકોના ચેરમેન તરીકે સહકારી અગ્રણી અને સાંસદ ચંદ્રપાલ યાદવ સતત પાંચમી ટર્મ માટે ચૂંટાઈ આવ્યા છે. તો વાઈસ ચેરમેન તરીકે આંધ્રપ્રદેશના સહકારી અગ્રણી સુધાકર ચૌધરી વિજયી જાહેર થયા છે. પરેશ પટેલ કૃભકોમાં સતત ત્રીજીવાર નિયામક મંડળમાં બિનહરિફ વિજેતા થયા છે જે પણ સહકારી જગત માટે ગૌરવરૂપ છે.

# જિલ્લામાં "ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઑફ સ્કિલ્સ"નું નિર્માણ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

રાજયના વિદ્યાર્થીઓ કૌશલ્ય નિર્માણ થકી રોજગારી મેળવી શકે તે માટે ૨૦ એકર જમીનમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નાસ્મેદ ખાતે રાષ્ટ્રિય કક્ષાની "ઈન્ડીયન ઈનસ્ટીટ્યુટ ઓફ સ્કીલ્સ" સંસ્થાનું નિર્માણ કરાશે. આ સંસ્થાનો શિલાન્યાસ આગામી ૧૫મી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમીતભાઈ શાહના વરદ હસ્તે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતેથી કરાશે. આ સંસ્થા દ્વારા દર વર્ષે ઓછામાં ઓછા ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કરાશે જેમાંથી ઓછામાં ઓછા ૭૦ ટકા તાલીમાર્થીઓનું પ્લેસમેન્ટ કરવાના પ્રયાસો કરાશે એમ રોજગાર અને તાલીમ નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.

મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, કેન્દ્રીય સ્કીલ ડેવલપમેન્ટ અને ઉદ્યોગ સાહસિક્તા વિભાગના મંત્રી શ્રી ડૉ. મહેન્દ્રનાથ પાંડેય, કેન્દ્રીય વીજળી નવીનીકરણ ઊર્જા (સ્વતંત્ર હવાલો) અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિક્તા રાજ્ય મંત્રી શ્રી રાજકુમાર સિંહ, ગુજરાત સરકારના શ્રમ રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોર, રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમના અધ્યક્ષ શ્રી એ.એમ.નાઈક, ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, એમીરીટ્સ અધ્યક્ષ ટાટા સન્સ અને ટાટા ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી રતન ટાટા તથા ટાટા સન્સના અધ્યક્ષ શ્રી નટરાજન ચંદ્રશેખરન પણ ખાસ ઉપસ્થિત રહેશે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુંસાર આ સંસ્થાની સ્થાપના ભારતમાં્ તથા ેસ્ના આંતરરાષ્ટ્રીય સ્તરને ધ્યાને લઈને વિશ્વસ્તરીય કૌશલ્ય તાલીમ કેન્દ્ર બનાવવાના મુખ્ય ઉદેશથી કરવામાં આવી રહી છે.



પવન આવે કે આવે, વરસાદ હોય કે ન હોય એની ચિંતા કર્યા વિના ઉત્તરાયણ પર્વની પૂર્વ સંધ્યાએ ભૂલકાઓની જોડીએ પતંગ ઉડાડવાની પ્રેક્ટિસ કરી લીધી હતી.

